# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-05-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે ઉત્તેજના :

કચ્છ જિલ્લાની ભુજ, માંડવી, નખત્રાણા, અંજાર અને મુન્દ્રા નગરપાલિકામાં પ્રમુખ અને કારોબારી ચેરમેન જેવા મહત્વના હોદ્દાઓ મેળવવા વિજેતા ઉમેદવારોમાં ભારે ઉત્તેજના છે. આવતીકાલે પાંચ નગરપાલિકા અને ગાંધીધામ મહાનગરપાલિકાની મળનારી પ્રથમ સામાન્ય સભામાં અઢી વર્ષ માટેના હોદ્દેદારોના નામો જાહેર થવાની સંભાવના છે.

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પ્રમુખ પદ માટેનાનામો પર અંતિમ મહોર લગાવી દેવાઈ છે, પરંતુ સસ્પેન્સ હજુ અકબંધ છે. વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના રાજકીય સમીકરણો અને જ્ઞાતિના ધોરણે પ્રમુખ, ઉપપ્રમુખ અને શાસક પક્ષના નેતાની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા છે.

------------------------------------------------------------------------------------

## બોર્ડની માર્કશીટ :

ગુજરાત બોર્ડ દ્વારાધોરણ-10 અને 12ની ઓનલાઈન માર્કશીટ જાહેર થયા બાદ, હવે આગામી અઠવાડિયાથી શાળાઓ મારફતેહાર્ડ કોપીનું વિતરણ શરૂ કરાશે. આ વર્ષે પ્રથમવાર CBSE પેટર્નપર ડિજિટલ સિક્યુરિટી ફીચર્સથી સજ્જ ‘સ્માર્ટ’ માર્કશીટ આપવામાં આવશે, જે ડુપ્લિકેટ દસ્તાવેજો અટકાવશે.

જૂના હોલોગ્રામ સ્ટીકરને હટાવીને વિશિષ્ટ QR કોડમુકાયો છે, જેને સ્કેન કરી વિગતો વેરિફાય કરી શકાશે. આઉપરાંત માર્કશીટ ‘ડિજિલોકર’ પર પણ ઉપલબ્ધ રહેશે. કચ્છ જિલ્લાના

સફળ થયેલા 30,015વિદ્યાર્થીઓ સહિત રાજ્યભરના વિદ્યાર્થીઓને આ નવી આકર્ષક કલર ટોન વાળી માર્કશીટ મળશે.

---------------------------------------------------------------------------

## પૂર્વ કચ્છમાં પોલીસ દ્વારા સઘન કોમ્બિંગ :

પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં રાપર અને ભચાઉ ડિવિઝન પોલીસ દ્વારા આઈજી ચિરાગ કોરડિયા અને એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ મોટું સરપ્રાઈઝ કોમ્બિંગ અને ચેકીંગ ઓપરેશન હાથ ધરાયું હતું. ૪૪ પોલીસ અધિકારી-કર્મચારીઓની ટીમોએ પ્રોહિબિશન, ચોરી અને જુગારના ગુનેગારોના મકાનો, હોટેલો તેમજ અવાવરુ જગ્યાઓએ સઘન ચેકિંગ કર્યું હતું.

આ ઓપરેશન દરમિયાન પ્રોહિબિશનના ૧૪, જાહેરનામા ભંગના ૪ અને અન્ય કલમો હેઠળ કેસો નોંધાયા હતા. તેમજ ૪૭ નીલ રેડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ૭૪ લિસ્ટેડ બુટલેગરો, ૨૫ જુગારીઓ અને ૨૭ અસામાજિક તત્વોની ચકાસણી કરાઈ હતી. ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કુલ ૮૦ વાહનો ડિટેઈન કરાયા હતા અને નિયમ ભંગ કરનારાઓ પાસેથી રૂ. ૮૯,૦૦૦ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------

## ભુજની પોલીટેકનિક કોલેજને NBAની માન્યતા :

ભુજની સરકારી પોલીટેકનિક કોલેજના તમામ પાંચ ડિપ્લોમા અભ્યાસક્રમોને વર્ષ 2028સુધી 'નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન'ની માન્યતા મળી છે. આ સિદ્ધિ બદલ GTU-અમદાવાદના 19મા સ્થાપના દિવસે શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંસ્થાને 'શૈક્ષણિક ગુણવત્તા એવોર્ડ' એનાયત કરાયો હતો. આવી માન્યતા મેળવનાર આ કચ્છની એકમાત્ર સંસ્થા બની છે.

આચાર્ય ડો. ગૌરાંગ લાખાણીએ એવોર્ડ સ્વીકારતા જણાવ્યું કે, આ સફળતા સ્ટાફ અને વિદ્યાર્થીઓની કટિબદ્ધતાનું પરિણામ છે, જેનાથી વિદ્યાર્થીઓને વિદેશગમન અને કોર્પોરેટ નોકરીઓમાં મોટો ફાયદો થશે.

---

## ગાંધીધામમાં ૨૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત :

'સ્વચ્છ સર્વેક્ષણ' અને 'નિર્મળ ગુજરાત ૨.૦' અભિયાન અંતર્ગત ગાંધીધામ નગરપાલિકાની ટીમે સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ વ્યાપક ઝુંબેશ હાથ ધરી છે. પાલિકાની આરોગ્ય અને સેનિટેશન ટીમે વિવિધ વેપારી મથકો પર આકસ્મિક ચેકિંગ કરીને અંદાજે ૨૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો હતો અને નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી રૂ. ૪૮,૦૦૦નો દંડ વસૂલ્યો હતો.

અધિકારીઓએ વેપારીઓને માત્ર ૧૨૦ માઇક્રોનથી વધુ જાડાઈ ધરાવતા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવા કડક સૂચના આપી છે. સાથે જ પર્યાવરણના હિતમાં નાગરિકોને કાપડની થેલી વાપરવા અનુરોધ કર્યો છે.

---

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની ઉજવણી :

આજે  આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઉજવવામાં આવી રહ્યું છે. ભુજ સ્થિત ગુજરાતના સૌથી જૂના 'કચ્છ મ્યુઝિયમ' ખાતે લોકોએ પ્રાચીન શિલાલેખો અને કચ્છી સંસ્કૃતિનો વારસો નિહાળ્યો હતો. તો, વિશ્વ વિરાસત સ્થળ ધોળાવીરા ખાતે આવેલા પુરાતત્વીય સંગ્રહાલયમાં પણ પ્રવાસીઓએ હડપ્પીય સંસ્કૃતિના ૫૦૦૦ વર્ષ જૂના અવશેષો, માટીના વાસણો અને ઘરેણાં રસપૂર્વક જોયા હતા. આ ઉપરાંત ભુજના સ્મૃતિવન મ્યુઝિયમની પણ લોકોએ મુલાકાત લીધી હતી.

---

## હવામાન :

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક બાદ ગુજરાતમાં તાપમાનમાં ધીમે-ધીમે ઘટાડો થશે. આગામી છ દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી જેટલું ગગડવાની શક્યતા છે.

આજે રાજ્યમાં હીટવેવ અંગે કોઈ એલર્ટ નથી, પરંતુ દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાઈ શકે છે. આજે જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી, નલિયામાં35 ડિગ્રી નોંધાયું છે.

બીજી તરફ, ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. આ વર્ષે ચોમાસું તેના નિયત સમય કરતાં આશરે ચાર દિવસ વહેલું, એટલે કે ૨૬ મે આસપાસ કેરળમાં પ્રવેશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------